**કોમ્પ્યુટર લેબ :**

સંસ્થામાં અદ્યતન કોમ્પ્યુટર લેબ ઈન્ટરનેટ કનેક્ટિવીટી સાથે ઉપલબ્ધ છે.

**મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળા :**

મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળામાં વિવિધ પ્રકારની અદ્યતન મનોવૈજ્ઞાનિક કસોટીઓ અને પરિક્ષણ સાધનો જેવા કે, વિવિધ વયના વ્યક્તિઓ માટે બૌદ્ધિક કસોટીઓ, વ્યક્તિત્વ કસોટીઓ, માનસિક સ્વાસ્થ્યનું માપન કરતી કસોટીઓ, વ્યાવસાયિક માર્ગદર્શન માટે ઉપયોગમાં લેવાતી કસોટીઓ વગેરેનો ઉપયોગ વિષય નિષ્ણાંતો દ્વારા કરી સંસ્થામાં આવનાર વ્યક્તિઓને સચોટ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન સલાહ અને ઉપચાર આપવામાં આવે છે.

## :: પ્રવૃત્તિઓ ::

- સંસ્થા માનસિક અશક્તતા ધરાવતા અને માનસિક સ્વાસ્થયના ક્ષેત્રમાં સુધારા માટેના સંશોધન કાર્યમાં સક્રીય રીતે કાર્યરત છે. જે માટે નિરંતર અભ્યાસ કરી થયેલ સંશોધન અંગેના લેખો, સમાચારપત્રો, સામાયિકોમાં બહાર પાડવામાં આવે છે.
- સંસ્થામાં ચાલી રહેલ વિષયો પર સંસ્થા વર્ષ દરમ્યાન કમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ પણ સફળતાપૂર્વક ચલાવે છે.
- સામાજીક જાગરૂકતા લાવવા માટે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ, વિશ્વ યોગ દિવસ, વિશ્વ ઓટીઝમ દિવસ તથા વિશ્વ દિવ્યાંગ દિવસનું આયોજન થાય છે.
- વર્ષ દરમ્યાન વર્કશોપ, સેમિનાર, કોન્ફરન્સ વગેરેનું આયોજન સંસ્થા દ્વારા સમયાંતરે કરવામાં આવે છે. જેમાં વિષય નિષ્ણાંત, પ્રતિષ્ઠિત મહાનુભાવો, વાલીઓ વગેરેને આમંત્રીત કરવામાં આવે છે.

# બી. એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ

(સ્થાપના વર્ષ : ૧૯૫૧)

### માન્યતા

- ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
- ગુજરાત યુનિવર્સિટી
- ભારતીય પુનર્વસન પરિષદ (આર.સી.આઈ., ન્યુ દિલ્હી)

### નોંધણી

- મુંબઇ પબ્લિક ટ્રસ્ટ હેઠળ
- અપંગ ધારા હેઠળ

### ટ્રસ્ટીમંડળ


૧. શ્રી પી. કે. લહેરી : ચેરમેન
૨. શ્રીમતી કલ્પના સેતલવાડ : ટ્રસ્ટી
૩. શ્રીમતી માના સારાભાઈ : ટ્રસ્ટી
૪. શ્રીમતી મીતા ઝવેરી : ટ્રસ્ટી
૫. શ્રીમતી મહેર મેડોરા : ટ્રસ્ટી
૬. ડૉ. રાજેશ મણિયાર : ટ્રસ્ટી
૭. શ્રીમતી નયના પટેલ : ટ્રસ્ટી
૮. ગુજરાત સરકારના આરોગ્ય ખાતાના સેક્રેટરીશ્રી
૯. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી
૧૦.ગુજરાત સરકારના સામાજીક અને ન્યાય અને અધિકારીતા વિભાગના સેક્રેટરીશ્રી


- ડૉ. મધુ સીંગ : નિયામક

(સ્થાપના વર્ષ : ૧૯૫૧)

# બી.એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ


આશ્રમરોડ, નહેરુબ્રિજ પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
ફોન : ૦૭૯ - ૨૬૫૭૮૨૫૬/૫૭/૫૮/૫૯




# B. M. INSTITUTE OF MENTAL HEALTH


Nr. Nehru Bridge, Ashram Road,
Ahmedabad - 380009.
Phone : (079) 26578256/57/58/59
E-mail : bminstitute.ahm@gmail.com
Website : www. bminstituteofmentalhealth.com

બી.એમ.ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ, માનસિક સ્વાસ્થ્ય અને વિકલાંગ પુનર્વસન ક્ષેત્રે ઈ.સ. ૧૯૫૧ થી કાર્યરત એવી પાયાની સંસ્થા છે. વિવિધ વિષયોનાં તજજ્ઞો દ્વારા થતું નિદાન, સારવાર અને પુનર્વસન એ અમારા કાર્યોના મુખ્ય સ્તંભ છે. પુર્નવસન અને શિક્ષણના ક્ષેત્રે અમે કુશળ અને નિષ્ઠાવાન તજજ્ઞો તૈયાર કરીએ છીએ. અમારે ત્યાં દરરોજ ૩૦૦ (ત્રણસો) થી વધારે બાળકોને તેમની જરૂરીયાત મુજબની સેવા પ્રદાન કરવામાં આવે છે.

**ઉચ્ચ શિક્ષણ અંતર્ગત વ્યવસાયિક અભ્યાસક્રમ :**

સંસ્થામાં ગુજરાત યુનિવર્સીટીથી સંલગ્ન તથા આર.સી.આઈ. નવી દીલ્હી દ્વારા માન્યતા ધરાવતા વિકલાંગ પુનર્વસન તથા તેના સંબંધિત અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે. જેમકે પી.જી.ડી.આર.પી., સ્પેશ્યલ બી.એડ (મેન્ટલ રીટાર્ડેશન), પી.ડી.સી.પી. વગેરે.

આ ઉપરાંત સંસ્થામાં સદર વિષયોથી સંબંધિત અન્ય કોર્સ પણ ટુંક સમયમાં ચાલુ કરવામાં આવી રહેલ છે. જેમાં વિષય નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓ શિક્ષણ કાર્ય અનુભવ અને દિશા સૂચન પ્રાપ્ત કરી શકે છે. સંસ્થામાં ચલાવવામાં આવતા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રમાણિત કસોટીઓ, અદ્યતન શિક્ષણ સામગ્રી દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. જેમાં કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અને ઓડિયો વિઝ્યુઅલ પદ્ધતીથી શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે છે.

**ઓ.પી.ડી. વિભાગ :**

સંસ્થામાં તકલીફ સાથે આવતા બાળકો અને વ્યક્તિઓની નિષ્ણાંતો દ્વારા તપાસ કરી તેમની સમસ્યાનું નિદાન કરવામાં આવે છે. સંસ્થામાં સાઈકીયાટ્રીસ્ટ, સાયકોલોજીસ્ટ, સ્પેશ્યલ ટીચર, સ્પીચ થેરાપીસ્ટ એન્ડ ઓડીયોલોજીસ્ટ, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, ડાઈટીશીયન, જેનેટીક કાઉન્સીલર દ્વારા બાળક/વ્યક્તિનું નિદાન અને સારવાર કરવામાં આવે છે.

**થેરાપી યુનિટ :**

થેરાપી યુનિટ અંતર્ગત સંસ્થામાં ૬ મહીનાથી ૮૦ વર્ષથી ઉપરના માણસોની વિવિધ પ્રકારની થેરાપી દ્વારા સારવાર કરવામાં આવે છે. જેમકે સાયકોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી, ડાઇટ થેરાપી, રેમીડીયલ ટીચીંગ, બિહેવીયર મોડીફીકેશન, જીનેટીક કાઉન્સેલીંગ, યોગા થેરાપી, આર્ટ અને ડાન્સ થેરાપી, પ્લે થેરાપી, સેન્સરી ઈન્ટીગ્રેશન થેરાપી, કોગ્નેટીવ થેરાપી વગેરે.

**પ્રયાસ :**

આ યુનિટ અંતર્ગત નાની વયના બાળકો માટે (૨ થી ૬ વર્ષના) જેમનો વિકાસ પુર્ણ રૂપે થયેલ ન હોઇ તેમની સારવાર કરવામાં આવે છે. યુનિટ અંતર્ગત સમયસર વિકાસ થયેલ નથી હોતો તેમને જનરલ સ્ટીમ્યુલેશન, પુર્વ શૈક્ષણીક સ્કીલ, સામાજીક કોમ્યુનીકેશન સ્કીલ, બિહેવીયર તથા કોગ્નેટીવ સ્કીલ પદ્ધતીથી ત્વરીત માનસિક વિકાસ માટેની સારવાર અપવામાં આવે છે.

**'શારદા' મંદબુદ્ધિ બાળકોની શાળા :**

આ વિશિષ્ટ શાળામાં ૬ થી ૧૮ વર્ષના બાળકો સ્પેશ્યલ ટીચર દ્વારા ટ્રેનીંગ મેળવે છે. અને તેમના સર્વાંગી વિકાસ માટે બીજા નિષ્ણાંતો પણ સલાહ સૂચનો આપે છે.

**ચેતન ગ્રુપ ફોર ઓટીસ્ટીક ચિલ્ડ્રન :**

આ સેન્ટરમાં ઓ.પી.ડી.માં ઓટીઝમ અંગેનું નિદાન થયા પછી ખાસ ડીઝાઇન કરેલ શૈક્ષણિક પ્રોગ્રામ અને થેરાપી દ્વારા ઓટીઝમ સ્પકટ્રમ ડીસઓર્ડર અને હાઈપરએક્ટિવિટી ડીસઓર્ડર અંગેની સારવાર નિષ્ણાંતો દ્વારા આપવામાં આવે છે.

**પુનર્વસન કેન્દ્ર :**

આ કેન્દ્ર સામાન્ય રીતે વિકલાંગતા ધરાવતા પુખ્ત વયના વ્યક્તિઓ માટેનું વ્યવસાયીક પુનર્વસન કેન્દ્ર છે. જેના અંતર્ગત જાત સંભાળ, સ્વનિર્ભરતા, જીવન વ્યવહારના કૌશલ્યો અને વિકાસ પર ખાસ કરીને ભાર આપવામાં આવે છે.

**ડે-કેર-યુનિટ :**

આ યુનિટ અંતર્ગત માનસિક રોગોથી પીડાતા વ્યક્તિઓને સાયકીયાટ્રીસ્ટની નિગરાની અને દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવે છે. તદ્ઉપરાંત તેમની માનસિક અને શારીરિક સ્થીતીને ધ્યાનમાં રાખી તેમની શક્તિ અને સ્તર પ્રમાણે વ્યવસાયિક પ્રશિક્ષણ જેમકે કોમ્પ્યુટર, શૈક્ષણીક પ્રવૃત્તિઓ, સંગીત, ચિત્રકામ અને ડાન્સ થેરાપી જેવી નવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. સદર યુનિટમાં સાઈકીયાટ્રીસ્ટ, સાઈકીયાટ્રીક નર્સ અને સાઈકોલોજીસ્ટ ઉપરાંત સાયકિયાટ્રીક ઓક્યુપેશનલ થેરાપીસ્ટ અને સોશીયલ વર્કર કાર્યરત છે.

**પહેચાન :**

પહેચાન આ સંસ્થાનું એક આગવુ કદમ છે. આના અંતર્ગત વોકેશનલ રીતે દિવ્યાંગ વ્યક્તિઓની સ્કીલને ધ્યાનમાં રાખી અલગ અલગ વ્યવસાયો અંગેની તાલીમ આપી વસ્તુઓનું નિર્માણ કરાવવામાં આવે છે જેમકે વિવિધ વિભાગ ટેઇલરીંગ, ફાઇલ મેકીંગ, હેન્ડીક્રાફ્ટ, મેટલ, લોન્ડ્રી, વગેરે પહેચાન નો મુખ્ય ઉદ્દેશ્ય આ વિભાગોમાં દીવ્યાંગોની સ્કીલ અનુસાર તેમને શિક્ષણ અને પ્રશિક્ષણ આપી તેઓ પોતાના પગ ઉપર ઉભા રહી વ્યવસાય કરી શકે તેમ છે.

**પ્રયત્ન :**

પ્રયત્ન સંસ્થાની એક સામાજીક પહેલ છે. જેના અંતર્ગત સંસ્થાના વિભીન્ન ક્ષેત્રમાં વિશિષ્ટતા ધરાવતા નિષ્ણાંતો અલગ અલગ સ્કુલોમાં જઈ ત્યાં આવતા બાળકોમાં વિકાસની ખામીઓને ધ્યાનમાં રાખી તેમનું કાઉન્સેલીંગ કરી સારવાર માટેની ભલામણ કરે છે. આ એક એવો આગવો અભિગમ છે જેમાં દિવ્યાંગો ઉપરાંત ત્યાં કાર્યરત શિક્ષકોનો પણ સામાજીક ધોરણે વિકાસ થાય છે.

**લાયબ્રેરી :**

સંસ્થામાં ચાલતા કોર્ષો અને વિષયો ઉપર પુસ્તકો, જર્નલ, આર્ટીકલ્સના અભ્યાસ માટે અદ્યતન લાયબ્રેરી છે. જેમાં આશરે ૧૦,૦૦૦ થી વધારે પુસ્તકો અને સામાયીકો છે. સંસ્થા દ્વારા સમય સમય પર વિષય સંબંધીત પ્રકાશનો બહાર પાડવામાં આવે છે. આ પ્રકાશનોનો ઉપયોગ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ અન્ય લોકો દ્વારા કરવામાં આવે છે.